# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

***********************************************************

**1)** સમગ્ર રાષ્ટ્ર આજે શહિદ દિવસ નિમિત્તે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

**2)** બજેટ સત્રના સુચારૂ સંચાલન માટે વિપક્ષોને સહયોગ આપવાની અપીલ સાથે સરકાર દ્વારા સર્વપક્ષિય બેઠક યોજાઇ

**3)** પ્રયાગરાજના મહાકુંભ ક્ષેત્રમાં વીવીઆઇપી પાસ રદ. શહેરમાં ચાર ચક્રીય વાહનો પર પ્રવેશબંધી

**4)** યમુનાના ઝેરયુક્ત પાણીના આરોપ મામલે કેજરીવાલને આવતીકાલ સવાર સુધી તથ્યો રજૂ કરવા ચૂંટણી પંચનો નિર્દેશ

**5)** અમેરિકામાં, 64 મુસાફરો સાથેનું એક પ્રવાસી વિમાન અમેરિકન લશ્કરના હેલિકોપ્ટર સાથે હવામાં અથડાયું

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV DAY GANDHI- SARVA-DHARMA PRAYER

રાષ્ટ્ર આજે મહાત્મા ગાંધીને તેમની 77મી પુણ્યતિથિ અને શહીદ દિવસ સમારોહ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. આ પ્રસંગે, આજે સવારે નવી દિલ્હીમાં રાજઘાટ સ્થિત ગાંધી સમાધિ ખાતે સર્વ-ધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય રાજધાનીમાં મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ મહાત્મા ગાંધીના સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ, મનોહર લાલ ખટ્ટર, ત્રણેય સેનાના વડાઓ અને સંરક્ષણ સ્ટાફના વડા પણ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૩૦ જાન્યુઆરીના, દેશ મહાત્મા ગાંધીના જીવનને યાદ કરે છે.  આ દિવસને શહીદ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . .

# PM TRIBUTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, મહાત્મા ગાંધીના આદર્શો દેશવાસીઓને વિકસિત ભારત બનાવવા માટે પ્રેરિત કરે છે.

પ્રધાનમંત્રીએ રાષ્ટ્ર માટે શહીદ થયેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ પણ આપી અને તેમની સેવા તેમજ બલિદાનને યાદ કર્યા.

. . . . . . . . . . . . . . .

# ALL PARTY MEET

સંસદના બજેટ સત્ર પહેલા આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક ચાલી રહી છે.

આ બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, આરોગ્ય પ્રધાન જેપી નડ્ડા, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ, કોંગ્રેસના સાંસદ જયરામ રમેશ અને ગૌરવ ગોગોઈ, ટીએમસી સાંસદ સુદીપ બંદોપાધ્યાય, સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવ, બીજેડી સાંસદ સસ્મિત પાત્રા અને ડીએમકે સાંસદ ટી.આર. બાલુ સહિત અન્ય નેતાઓ હાજર રહ્યા છે.

બેઠક દરમિયાન, સરકાર સંસદ સત્રનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે.

. . . . . . . . . . . . . . .

# STAMPADE JUDICIAL INQUIRY

ગઈકાલે સંગમ ઘાટ પર થયેલી ભાગદોડની ઘટના બાદ મહાકુંભમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક આજે પ્રયાગરાજની મુલાકાત લેશે.

આ ઘટનામાં 30 શ્રદ્ધાળુઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા અને 60 અન્ય ઘાયલ થયા હતા. ઘાયલ શ્રદ્ધાળુઓ હાલમાં સ્થાનિક મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ છે. જ્યારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુખ્ય સચિવ અને ડીજીપીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને આ સંદર્ભમાં રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

મુખ્યમંત્રીએ ન્યાયિક તપાસનો પણ આદેશ આપ્યો છે અને ત્રણ સભ્યોનું ન્યાયિક પંચ પણ બનાવ્યું છે.

તો બીજી તરફ આ ઘટના બાદ પ્રશાસન દ્વારા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં સમગ્ર કુંભ ક્ષેત્રમાં વાહન લાવવા પર પ્રતિબંધ લગવાયો છે. સાથે જ VVIP પાસ રદ કરાયા, શહેરમાં ફોર વ્હીલર્સના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓની સરળ અવરજવર માટે એક તરફી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# MADHYAPRADESH COLLAPSE

મધ્યપ્રદેશના પન્ના જિલ્લામાં સીમરિયા ખાતે જે કે સિમેન્ટ ફેક્ટરીના પ્લાન્ટમાં નિર્માણાધીન છત તૂટી પડતા બે શ્રમિકોના મૃત્યુ થયા છે અને કેટલાકને ઇજા થઇ છે.

સત્તાવાર માહિતી પ્રમાણે  ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા વહીવટી તંત્ર અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ છે, અને અંદર દટાયેલા શ્રમિકોને બહાર કાઢવાનો પ્રયત્ન ચાલુ છે.

. . . . . . . . . . . . . . . .

# ECI-KEJRIWAL

ચૂંટણી પંચે આજે આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલને યમુના નદીમાં ઝેર ભેળવવાના તેમના આરોપો સંબંધિત નોટિસનો ચોક્કસ અને સ્પષ્ટ જવાબ કાલે સવાર સુધીમાં દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.

પંચે શ્રી કેજરીવાલને લખેલા પત્રમાં તેમને એમોનિયાના સ્તરમાં વધારો થવાના લાંબા સમયથી ચાલી રહેલા અને કાયદેસર રીતે સંચાલિત મુદ્દા સાથે તેમની ટિપ્પણીઓનો જવાબ રજૂ કરવા જણાવ્યું છે. ચૂંટણી પંચે જાણવા માંગ્યું છે કે હરિયાણા સરકારે નદીમાં કયા પ્રકારનું ઝેર ભેળવ્યું હતું, જે ઝેરની માત્રા, પ્રકૃતિ અને નરસંહારનું કારણ બની શકે તે શોધવાની રીત વિશે પુરાવા રજૂ કરવામાં આવે...

ચૂંટણી પંચે  ઝેર ક્યાં મળી આવ્યું હતું, દિલ્હી જળ બોર્ડના કયા ઇજનેરોએ તે શોધી કાઢ્યું હતું અને કઈ પદ્ધતિ અપનાવવામાં આવી હતી તેનો પણ જવાબ

**માંગ્યો છે. ઇલેક્શન કમિશને તેની નોટિસના જવાબનો અભ્યાસ કરતી વખતે જણાવ્યું કે, ભાજપની આગેવાની હેઠળની હરિયાણા સરકાર દ્વારા યમુના નદીમાં ઝેર ભેળવવાના તેમના નિવેદન પર શ્રી કેજરીવાલે કોઇ જવાબ આપ્યો નથી,**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH - BOOK PUBLISH

**કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રવાદી વિચારો અને ભારતીય જનતા પાર્ટીની સફર પર કેન્દ્રિત પુસ્તક 'ઇન્ડિયન રેનેસાં: ધ મોદી ડિકેડ'નું વિમોચન કરશે.**

**આ પુસ્તકનું સંપાદન ડૉ. ઐશ્વર્યા પંડિત દ્વારા કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ કાર્યક્રમ સાંજે 6 વાગ્યે NDMC કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. આ પુસ્તક છેલ્લા 10 વર્ષમાં મોદી સરકારના શાસનનું વ્યાપક વિશ્લેષણ રજૂ કરે છે.**

આ ઉપરાંત દેશમાં ગ્રામીણ અને શહેરી વિકાસ પ્રોજેક્ટ્સ, ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધો અને ડિજિટલ ક્રાંતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિચારણા કરવામાં આવી છે.

આ પુસ્તકમાં વરિષ્ઠ પત્રકારો, રાજકીય વ્યક્તિઓ, નીતિ ઘડવૈયાઓ અને બૌદ્ધિકોના મંતવ્યો શામેલ છે. પુસ્તકના લેખક વિષે વાત કરીએ ડૉ. ઐશ્વર્યા પંડિત જિંદાલ ગ્લોબલ લો સ્કૂલમાં એસોસિયેટ પ્રોફેસર છે. તેમણે IIM ઇન્દોરમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે પણ શિક્ષણ આપ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# RSS - PRE EXAM

રાજસ્થાન લોક સેવા આયોગના નેજા હેઠળ RSSની પૂર્વ પરીક્ષા માટે કમિશને ઉમેદવારના પ્રવેશપત્ર વેબસાઇટ પર મૂક્યા છે. સચિવ રામનિવાસ મહેતાએ જણાવ્યું કે, RSSની પૂર્વ પરીક્ષા બીજી ફેબ્રુઆરીના બપોરે 12 થી 3 વાગ્યા સુધી લેવામાં આવશે.

જેમાં રાજ્ય સેવાની 346 જગ્યાઓ અને ગૌણ સેવાની 387 જગ્યાઓનો સમાવેશ થશે. આ પરીક્ષા રાજ્યના 2 હજાર 48 કેન્દ્રો પર લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે વેબસાઇટ અને SSO પોર્ટલ પરથી ઉમેદવાર અરજી નંબર અને જન્મ તારીખ દાખલ કરીને પ્રવેશ પત્ર ડાઉનલોડ કરી શકશે. તો પરીક્ષા સમયે પરિક્ષા કેન્દ્ર પર ચુસ્ત બંદોબસ રાખવામાં આવશે .

. . . . . . . . . . . . . . . .

# US-PLANE

અમેરિકામાં, 64 લોકો સાથેનું એક પેસેન્જર વિમાન વોશિંગ્ટન ડીસીની બહાર US આર્મી બ્લેક હોક હેલિકોપ્ટર સાથે હવામાં અથડાયું હતું, રીગન નેશનલ એરપોર્ટ નજીક રનવેની નજીક આ દુર્ઘટના ઘટી હોવાનું ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું..

મેટ્રોપોલિટન પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં કોઈ જાનહાનિની પુષ્ટિ થઈ નથી. પોટોમેક નદીમાં જ્યાં પેસેન્જર વિમાન અને હેલિકોપ્ટર અથડાયા હતા ત્યાં મોટા પાયે બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટના અંગેની વધુ વિગતોની રાહ જોવાઇ રહી છે.

. . . . . . . . . . . . . . . .

# ISRAEL-HAMAS EXCHANGE PRISONER

ગાઝા સંઘર્ષને ઓછો કરવાના હેતુથી ચાલી રહેલા યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે ઇઝરાયલ અને હમાસ આજે તેમના ત્રીજા બંધક-કેદી વિનિમય કરશે.

આ વિનિમયમાં પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય દ્વારા ઓળખાયેલા ત્રણ ઇઝરાયલી બંધકોની સાથે ગાઝામાં રાખવામાં આવેલા 5 થાઈ નાગરિકોની મુક્ત થશે. ચોથું વિનિમય આગામી સપ્તાહના અંતે થશે

19 જાન્યુઆરીથી અમલમાં આવેલ યુદ્ધવિરામ, હમાસના 7 ઓક્ટોબર, 2023ના હુમલા દરમિયાન લેવામાં આવેલા ઇઝરાયલી બંધકોની મુક્તિ પર આધારિત છે.

બદલામાં, ઇઝરાયલે 1 હજાર 900 વ્યક્તિઓ, મુખ્યત્વે પેલેસ્ટિનિયનોને મુક્ત કરવા સંમતિ આપી છે, જે હાલમાં ઇઝરાયલી કસ્ટડીમાં છે. આ કરાર પ્રદેશમાં તણાવ ઘટાડવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

. . . . . . . . . . . . . . . .

# AUSTRALIA-BUSHFIRE

ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યની રાજધાની પશ્ચિમ મેલબોર્નમાં જંગલોમાં લાગેલી આગ વિકરાળ બનતા નાગરિકોને સ્થળાંતર કરવા સૂચના આપવામાં આવી છે.

વિક્ટોરિયન ઇમરજન્સી સેવાઓએ આજે મેલબોર્નથી લગભગ 250 કિમી પશ્ચિમમાં આવેલા ગ્રેમ્પિયન્સ નેશનલ પાર્કના દક્ષિણપશ્ચિમ કિનારાના 4 નાના શહેરોના રહેવાસીઓને તકેદારીના ભાગરૂપે વિસ્તાર ખાલી કરવા જણાવ્યું હતું.

આજે સવારે વિક્ટોરિયા ઇમરજન્સી દ્વારા જારી કરાયેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, રાત્રિ દરમિયાન આગ વધુ પ્રસરે તેવી શક્યતાના પગલે સ્થળાંતર કરવું જરૂરી છે..

. . . . . . . . . . . . . . . .

# BADMINTON-THAILAND MASTERS

બેડમિન્ટનમાં, વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા કિદામ્બી શ્રીકાંતે ગઈકાલે રાત્રે થાઈલેન્ડના બેંગકોકમાં ચાલી રહેલી થાઈલેન્ડ માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષોની સિંગલ્સ ઇવેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો,

શ્રીકાંતે ઇઝરાયલના ડેનિલ ડુબોવેન્કોને સતત બે ગેમમાં 21-13, 21-18થી હરાવ્યો હતો. વિશ્વના 47મા ક્રમાંકિત શ્રીકાંતે હવે રાઉન્ડ 16ના મુકાબલામાં આજે બપોરે હોંગકોંગના જેસન ગુણવાન સામે રમશે.

. . . . . . . . . . . . . . . .